# પાંચમાં ચરણમાં મુશળધાર મતદાન

## ૧૨ રાજ્યમાં ૧૨૧ બેઠક પર ઉંચુ મતદાન : અગાઉની લોકસભા ચૂંટણી સરખામણીમાં તમામ રાજ્યોમાં વધુ અને ઉંચું મતદાન થતાં ભારે સસ્પેન્સ : પશ્ચિમ બંગાળમાં ૮૦ ટકાથી પણ વધુ મતદાન

નવી દિલ્હી,તા. ૧૭ લોકસભાની ચૂંટણીના સૌથી મોટા તબક્કાના ભાગરુપે આજે ૧૨૧ બેઠક ઉપર શાંતિપૂર્ણ રીતે રેકોર્ડ મતદાન થયું હતું. ૧૨ રાજ્યોને આવરી લેતી ૧૨૧ બેઠક ઉપર અગાઉની સરખામણીમાં તમામ જગ્યાએ વધારે મતદાન યોજાયું હતું. પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ ૮૦ ટકાથી ઉપર મતદાન થયું હતું જ્યારે મધ્યપ્રદેશમાં ૫૪ ટકાથી વધુ અને ઉત્તરપ્રદેશમાં ૬૨ ટકાથી વધારે મતદાન થયું હતું. તમામ જગ્યાએ ઉંચુ મતદાન થયા બાદ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ઝારખંડમાં ૬૨ ટકા મતદાન થયું હતું. ૨૦૦૯માં અહીં ૫૮ ટકા મતદાન થયું હતું. કર્ણાટકમાં ૬૮ ટકા મતદાન થયું હતું. ૨૦૦૯માં ૫૯ ટકા મતદાન થયું હતં. મણિપુરમાં ૭૪ ટકા ઓરિસ્સા ૭૦ ટકા, મહારાષ્ટ્રમાં ૫૫ ટકાથી વધુ મતદાન થયું હતું. રાજસ્થાનમાં ૬૩ ટકાથી વધુ મતદાન

● અનુસંધાન પાન-૭ પર



ઈલેક્શન કાઉન્ટ-ડાઉન
VOTE 12
દિવસ બાકી


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૭ | ૧૮ એપ્રિલ, ૨૦૧૪, શુક્રવાર; ચૈત્ર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગર મતવિસ્તારમાં મતકુટિરો મોટી બનાવાશે

## બે બેલેટ યુનિટ અને વી.વી. પેટ મત કુટિરમાં મુકવાની હોવાથી તેનું ક્ષેત્રફળ સામાન્ય કરતા વધુ હશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં અન્ય સંસદીય મતવિસ્તાર કરતાં મોટી મતકુટિર બનાવવામાં આવશે.

ચૂંટણી પંચ માટે સફળ પ્રયોગશાળા બની રહેલ ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં આ વખતે પ્રથમવાર વી.વી. પેટનો ઉપીયોગ થવાનો છે. બે બેલેટ યુનિટ સાથે આ વી.વી. પેટ મશીન પણ રાખવાનું હોવાથી મતદાન માટેની કુટિર સામાન્ય મતદાન મથકોની કુટિર કરતાં મોટી થશે.

૨૪''x૨૧''x૨૪'' ઈંચની મતદાન કુટિરનું ક્ષેત્રફળ હોય છે. ગાંધીનગરમાં બે બેલેટ યુનિટ અને વી.વી. પેટ મશીન મુકવા માટે આ ક્ષેત્રફળ નાનુ પડે એટલે પંચે આ બાબતે જરૂરી સુધારા સાથે નવી મતદાન કુટિરો બનાવવા માટેની સૂચનાઓ પણ આપી દીધી છે.

નવી મતદાન કુટિરો બનાવવા માટે તંત્રએ તેની કાર્યવાહી હાથ ધરી છે અને આગામી એકાદ સપ્તાહમાં જિલ્લામાં ૧૭૭૦ જેટલી નવી મતદાન કુટિરો બનાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ નવી મતદાન કુટિરોમાં કોરૂગેટેડ પૂંઠાનો ઉપીયોગ થશે તેમજ તેની

● અનુસંધાન પાન-૭ પર

## મોકપોલનું પરિણામ પણ પ્રમાણપત્રમાં દર્શાવવાનું રહેશે

ગાંધીનગર, તા. ૧૭

મતદાન માટેનો દિવસ જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ પંચ દ્વારા અનેકવિધ સૂચનાઓ નવી આપવામાં આવી રહી છે.

પંચે હવે મતદાન પૂર્વે થતા મોકપોલના પ્રમાણપત્રમાં મોકપોલના પરિણામનો ઉલ્લેખ કરી અને પ્રમાણપત્ર આપવાનું રહેશે.

ચૂંટણી પહેલા ત્રણ વખત મોકપોલ યોજાતુ હોય છે. ઈ.વી.એમ.ના પ્રથમ ઈન્સ્પેક્શન વખતે, આ પછી ઈ.વી.એમ. જેતે વિધાનસભામાં ફાળવવામાં આવતાં અને ત્રીજુ મોકપોલ મતદાન પૂર્વે યોજવામાં આવતુ હોય છે.

## NEWS બિટ્સ

### વારાણસીમાં મોદી ચા-વાળા, પાનવાળા, મુસ્લિમની હાજરીમાં ઉમેદવારીપત્રક ભરશે

વારાણસીમાં નરેન્દ્ર મોદી



ઉમેદવારી પત્રક ભરતી વખતે કોઈ એક ચા વાળાને સામેલ રાખશે તેવી ચર્ચા સ્થાનિક ચાવાળાઓમાં થઈ રહી છે. એક એવી પણ વાત છે કે ઉમેદવારી ભરવા સમયે નરેન્દ્રભાઈ તેમની સાથે નૌકાવાળાને અને એક મુસ્લિમને સાથે રાખશે. વારાણસીમાં આગામી ૧૨મી મેના રોજ મતદાન થશે. વડોદરામાં ઉમેદવારીપત્રક ભરતી વખતે મોદીએ તેમની સાથે એક ચા વાળાને પોતાની સાથે પ્રસ્તાવ મુકનાર તરીકે રાખ્યા હતા.

### ચુંટણી લડતા ઉમેદવારોમાં સિંઘ ઈઝ કિંગ

હાલમાં ચાલી રહેલી લોકસભાની ચુંટણીમાં ઝંપલાવનાર નેતાઓમાં સિંઘ અટકની સૌથી વધુ બોલબાલા છે.




મુખ્ય રાજકીય તથા પ્રાંતિય રાજકીય પક્ષોએ ઉભા રાખ્યા છે તેવા ૨૧૮ ઉમેદવારોની અટક સિંઘ, સિંગ અથવા સિંહ છે. કોંગ્રેસ, ભાજપ અને આપ એ નામમાં સિંઘ આવતું હોય તેવા ૫૦ ઉમેદવારો ઉભા રાખ્યા છે. આ ઉપરાંત મધ્ય નામ, અટક કે પ્રથમ નામમાં કુમાર આવતા હોય તેવા ઉમેદવારોની સંખ્યા વધુ છે.

### મીસા ભારતી સામે ઈવીએમ તોડી નાંખવાની ફરિયાદ

બિહારની પાટલીપુત્ર બેઠકના આરજેડીના ઉમેદવાર અને લાલુપ્રસાદ યાદવના મોટા પુત્રી મીસા ભારતી સામે ઈવીએમ મશીન તોડી નાંખવાની ફરિયાદ થઈ છે. ચુંટણી પંચે આ બાબતની ગંભીર નોંધ લઈ કાર્યવાહી હાથ



ધરી છે. મીસા ભારતી પોતાના કાકા અને ભાજપના ઉમેદવાર રામકૃષ્ણ ગોપાલ સામે પાટલીપુત્ર બેઠક પરથી ચુંટણી લડી રહ્યા છે.



આંબે આવી કેરી...

(તસવીર : દિપક જાની)



ગુડફ્રાઈડે - ગુજરાતમાં ખ્રિસ્તી પરિવારો દ્વારા 'ગુડફ્રાઈડે'ની ઉજવણીની વિશેષ તૈયારીઓ ચાલી રહી છે... અમદાવાદ - ગાંધીનગરના ચર્ચોમાં ગુડફ્રાઈડે નિમિત્તે કાર્યક્રમો યોજાશે.


# ગાંધીનગરના વરિષ્ઠ અગ્રણી અને નિવૃત્ત સનદી અધિકારી પ્રેમશંકર ભટ્ટનું નિધન

## સ્વર્ગસ્થની અંતિમયાત્રામાં હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ, વકીલો, નગરના અગ્રણીઓ સહીત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના અગ્રણી અને નિવૃત્ત સનદી અધિકારી પ્રેમશંકર ભટ્ટનું ૮૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. આરોગ્ય, મહેસુલ અને સમાજ કલ્યાણ સહીતના વિવિધ વિભાગોમાં વહીવટીક્ષેત્રે ઉમદા સેવા બજાવી નિવૃત્તકાળમાં પણ તેમણે નગર વિકાસ અને સેવાકીય પ્રવૃત્તિમાં આગવું યોગદાન આપ્યું હતું. બિમારીના અંતે આજે વહેલી સવારે તેમનું અવસાન થતા સાંજે ૫.૪૫ કલાકે સ્વર્ગસ્થની અંતિમયાત્રા નીકળી હતી. જેમાં નગરના આગેવાનો સહીત મોટી સંખ્યામાં નાગરિકોએ હાજરી આપી સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. સ્વ. પ્રેમશંકર ભટ્ટના પત્ની લીલાબેનનું પણ મહીના પૂર્વે જ અવસાન થયું હતું. તેમના અવસાનથી શહેરીજનોમાં શોકની લાગણી વ્યાપી છે.

જાણીતા એડવોકેટ જયંત ભટ્ટ તેમજ આશિષ ભટ્ટના પિતા પ્રેમશંકરભાઈ ભટ્ટનું ૮૬ વર્ષની વયે આજે હવેલી સવારે દુઃખદ અવસાન થતા નગરે કર્મનિષ્ઠ અને સેવાભાવી અગ્રણી ગુમાવ્યા છે. જામનગરથી ૧૮ કી.મી. દૂરના અંતરે આવેલા વસઈ ગામમાં ૩૦ ડીસેમ્બર, વર્ષ ૧૯૨૭ના રોજ તેમનો જન્મ થયો હતો. તેમણે ધર્મશાસ્ત્રમાં એમ.એ., મુંબઈ ગવર્મેન્ટ લૉ કોલેજમાંથી એલ.એલ.એલ.બી. તેમજ મુંબઈ બાદ કાઉન્સિલની એડવોકેટની પરીક્ષા આપી હતી. તેઓ ૧૯૫૫ના વર્ષમાં વહીવટી સેવામાં જોડાયા હતા. ત્યારબાદ અમરેલી, જૂનાગઢ અને જામનગર જિલ્લામાં તેમણે ડેપ્યુટી કલેક્ટર તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. ૧૯૬૦માં બઢતી સાથે જિલ્લા વિકાસ અધિકારી, કલેક્ટર તેમજ અમદાવાદ વિકાસ કમિશનર સહીત તબક્કાવાર શહેરી વિકાસ, મહેસૂલ, ગૃહ સમાજ



કલ્યાણ અને આરોગ્ય સહીતના વિવિધ વિભાગોમાં તેમણે સચિવ તરીકે ફરજ બજાવી હતી. વહીવટી સેવાકાળ દરમિયાન તેમણે આદિવાસીઓ સહીત વૃદ્ધો, વિધવાઓ અને અપંગો તેમજ ખેતમજૂરોની પેન્શનની યોજનાઓ ઘડવામાં યોગદાન આપ્યું હતું. ૧૯૮૫માં આઈ.એ.એમ. માંથી નિવૃત્ત થયા બાદ ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ તરીકે સેવાકીય પ્રવૃત્તિમાં સક્રીય થયા હતા. તેમણે કાનૂની સેવા સત્તા મંડળની પ્રવૃત્તિઓમાં પણ માનદ્ સેવા આપી હતી. નગર વિકાસ અને સેવાકીય પ્રવૃત્તિમાં ઉમદા યોગદાન આપનાર પ્રેમશંકરભાઈનું આજે સવારે અવસાન થતા સાંજે સ્વર્ગસ્થની અંતિમયાત્રા નીકળી હતી. જેમાં નગરના આગેવાનો, હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ, વકીલો ઉપરાંત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. તેમના પુત્ર પ્રદીપભાઈ ભટ્ટ, જયંતભાઈ ભટ્ટ તેમજ આશિષભાઈ ભટ્ટના હસ્તે અગ્નિસંસ્કારવિધિ કરવામાં આવી હતી. સ્વ. પ્રેમશંકરભાઈ ભટ્ટનું બેસણું અને પ્રાર્થનાસભા તા. ૧૮ એપ્રિલના રોજ સાંજે ૫.૩૦ કલાકે સે. ૧૭ ટાઉનહોલ ખાતે રાખવામાં આવ્યું છે.

# જિલ્લામાં ૨૪,૬૮૯ વાલીઓએ સ્વચ્છ મતદાન માટે શપથ લીધા

ગાંધીનગર, તા.૧૭

રાજકીય પક્ષોના આક્ષેપો અને પ્રતિ આક્ષેપો વચ્ચે આજે જિલ્લા વહીવટી તંત્રએ મતદાર જાગૃતિના યોજેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મતદારોએ ભાગ લઈ રાજકીય જાગૃતિના અનોખા દર્શન કરાવ્યા હતા.



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર શહેરમાં યોજાયેલ માનવ સાંકળમાં ૪ હજાર જેટલા લોકોએ ભાગ લઈ અને નિર્ભિકતાથી વંશ, જાતિ, ધર્મથી પર રહી સ્વચ્છ મતદાન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

તો જિલ્લાની ૬૦૦ જેટલી પ્રાથમિક શાળાઓમાં આજે ૨૪,૬૮૯ વાલીઓએ તેમના વ્હાલા બાળકોની ઉપસ્થિતિમાં સ્વચ્છ મતદાનની પ્રતિજ્ઞા લીધી હતી.

કલેકટર કચેરી ખાતે મતદાર જાગૃતિ અંગે યોજાયેલ પ્રદર્શનની આજે ૧૦૦થી પણ વધુ લોકોએ મુલાકાત લીધી હતી.

આમ સકારાત્મક રીતે મતદાર જાગૃતિ અભિયાનને એક નવો વેગ મળ્યો છે. જો કે ગાંધીનગરમાં રાજકીય પક્ષો દ્વારા કાર્યકર્તાઓની બેઠકો તો ગૃપ બેઠકો યોજાઈ રહી છે. આ ઉપરાંત પદયાત્રા જેવા કાર્યક્રમો થકી મતદારોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે.

# સ્ટેટીક સર્વેલન્સની ટીમોને ફરજ માટેની સુવિધાનો પણ અભાવ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સહિત રાજયભરમાં હીટવેવ ચાલી રહ્યો છે ત્યારે ચુંટણી પંચ દ્વારા કાર્યરત કરાયેલી સ્ટેટીક સર્વેલન્સ ટીમોના નિયત કરાયેલા પોંઈટ પર કોઈ પણ જાતની સુવિધાઓ ન હોવાથી કર્મચારીઓમાં અસંતોષની લાગણી ઉભા થવા પામી છે.

સ્ટેટિક સર્વેલન્સની ટીમોને ત્રણ પાળીમાં ફરજો બજાવવાની હોય છે. આ ટીમોને ઉભા રહેવા માટે અને બેસવા માટેની પાયાની સુવિધાઓ પણ કર્મચારીઓને પોતાની અંગત વગનો ઉપયોગ કરી કરવી પડી રહી છે.

પંચ જયારે મતદારો માટે આટલી ચિંતા કરતું હોય તો તેના માટે કામ કરતા કર્મચારીઓની ચિંતામાં કેમ ઉણુ ઉતરી રહ્યું છે તેવો અણિયાળો સવાલ કર્મચારી આલમમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

રાજયમાં તમામ જિલ્લાઓના એન્ટ્રી પોઈન્ટ પર મોટી સંખ્યામાં કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. આ ટીમો એ વાહનોની ચકાસણી સહિતની મહત્વની ફરજો બજાવવાની હોય છે ત્યારે આ દિશામાં માનવતાના ધોરણે પણ વિચારણા કરવી જોઈએ તેવી લાગણી કર્મચારીઓમાં પ્રવર્તી રહી છે.

રાજયમાં હીટવેવ ૪૦ ડીગ્રીને પાર કરી ગયો છે ત્યારે સખ્ત ગરમીમાં કપરી ફરજો આ ટીમના કર્મચારીઓને બજાવવાની હોય છે.


## કોમ્પ્યુટર, એન્જી. કે ડોક્ટર બનવા શનિ-મંગળ-ગુરૂ બળવાન જોઈએ

(૧) હાથમાં ગુરૂ પર ચોકડી પડતી હોય, આયુષ્ય રેખા અને મસ્તક રેખા જુદા હોય તે વ્યક્તિ પ્રેમલગ્ન કરે છે. (૨) પૂજાઘર ઈશાનને બદલે બીજે હોય તો કરેલી પૂજાનું ફળ મળતું નથી. (૩) કુંડળીમાં ૭ મા ખાને બળવાન ગુરૂ હોય તો ઊંચા હોદ્દાની નોકરીવાળી વ્યક્તિ સાથે લગ્ન થાય. (૪) હાથમાં આયુષ્યરેખાની બાજુમાં હાફ વર્તુળ બનતું હોય તેને જેલયાત્રા કરવી પડે. (૫) મકાનમાં અગ્નિ તત્ત્વ યોગ્ય જગ્યાએ ન હોય તો પાચનની તકલીફ સંતાનમાં વિલંબ, માનસિક બોધરેશન રહે. (૬) કુંડળીમાં ૭ મું સ્થાન ખૂબજ દૂષિત હોય, પાપગ્રહોની દૃષ્ટિ પડતી હોય તેવી વ્યક્તિના લગ્ન થતા નથી. ઉપાય થી શક્ય બને. (૭) હાથમાં ભાગ્યરેખા શનિ પર્વત પર જાય તેવા વિદ્યાર્થીએ ટેકનીકલ, કોમ્પ્યુટર કે A-ગ્રુપ લેવું જોઈએ. ગુરૂ પર્વત સારો જોઈએ. (૮) દક્ષિણમુખી મકાન એટલે રાહુ દોષ, રૂકાવટો, બિમારી, દવાઓ ચાલે. (૯) કુંડળીમાં ચન્દ્રથી દસમા ભાવમાં સૂર્ય હોય તો મહા ધનવાન બનાવે. (૧૦) હાથ વધારે લાલ હોય, ખૂબ નરમ હોય તે વ્યક્તિ આળસુ અને સ્વાર્થી હોય.

હસ્તરેખા-કુંડળી-વાસ્તુ બતાવવા એપોઈન્ટમેન્ટ લો.

ડો. નાણાવટી-93761 36727, સે-૫/બી


# અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ

ગાંધીનગર, તા. ૧૭

ભર ઉનાળે સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લામાં હવામાન પલટાતા કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદના ઝાપટા થવા પામ્યા છે.

રાજ્યમાં ઉનાળાની શરૂઆત થવા પામી છે. કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે બીજી બાજુ આજે રાજ્યના કેટલાક વિસ્તારોમાં હવામાનમાં પલટો આવવા પામ્યો હતો. કેટલાક વિસ્તારોમાં ગરમીનું જોર ઘટવા પામ્યું હતું અને વાદળછાયા વાદળો ઘેરાયા હોવાનું જાણવા મળે છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લામાં આજે બપોર બાદ હવામાનમાં પલટો આવવા પામ્યો હતો. ગરમીનો પારો એકદમ નીચે ઉતરી ગયો હતો અને વાદળછાયા વાદળો ઘેરાવા લાગ્યા હતા.

અમરેલી જિલ્લામાં એકદમ જ હવામાનમાં આવેલા પલટાને કારણે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદના ઝાપટા પડ્યા હોવાનું જાણવા મળે છે. હવામાન પલટાતા અને કમોસમી વરસાદ થવાને કારણે અમરેલી જિલ્લામાં બે ઋતુનો અનુભવ થવા પામ્યો હતો.